# સાબરકાંઠા જિલ્લો ગુનાહીત પ્રવૃત્તિઓમાં સપડાઈ રહ્યો છે...!

## છેલ્લા પાંચ દિવસમાં ઘટેલ ૬ ઘટનાઓથી લોકો સ્તબ્ધ : મોડાસામાં પોલીસ કોન્સ્ટેબલના મકાનમાં યુવતિની આત્મહત્યા : કિશોરીને બચકુ ભરનાર કિશોરને માર મારતા મોતની ઘટના : ખેડબ્રહ્મામાં બે ટીડીઓ સહિત ૧૪ સામે ઉચાપતની ફરીયાદ : સાબર ડેરીની સામાન્ય સભામાં તોડફોડ, લાઠીચાર્જ અને પથ્થરમારો : ખેડબ્રહ્મામાં અપહ્યુત યુવકનો અર્ધ સળગેલો મૃતદેહ મળતા પોલીસનું નાક કપાયું

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં દારૂ, જુગાર, ઘરફોડ ચોરીઓ અને મહિલાઓની છેડતીનો ગ્રાફ રાજ્યના અન્ય જિલ્લાઓ કરતાં ઘણો ઉંચો છે. પરંતુ હવે તો હદ થઈ ગઈ છે. જિલ્લામાં ગુન્હાહિત પ્રવૃત્તિઓનો વ્યાપ એટલી હદે પ્રશરી રહ્યો છે કે તેને અંકુશમાં લેવામાં પોલીસ પણ વામણી પુરવાર થઈ રહી છે. છેલ્લા પાંચ દિવસમાં જિલ્લામાં ઘટેલી ૬ ઘટનાઓએ લોકોને સ્તબ્ધ કરી દીધા છે. મોડાસામાં પોલીસ કોન્સ્ટેબલના મકાનમાં એક યુવતિએ આપઘાત કરી લેવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં આજ તાલુકામાં એક કિશોરે કિશોરીની છેડતી કરી બચકુ ભરી લેતાં ગ્રામજનોએ કિશોરને માર મારતાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ ઉપરાંત ખેડબ્રહ્મામાં ઉચાપત કરનાર બે ટી.ડી.ઓ. સહિત ૪ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધાતા વહીવટી તંત્રમાં ચકચાર મચી જવા પામી છે. જિલ્લાની પ્રતિષ્ઠિત સાબર ડેરીમાં સાધારણ સભા દરમિયાન ડેરીની બહાર એકઠા થયેલા દૂધ ઉત્પાદકોએ હંગામો કરી ભાવ વધારા માટે પથ્થરમારો કરતાં પોલીસને લાઠીચાર્જ કરી ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. ૧૦૦૦ના ટોળા સામે ફરિયાદ નોંધાવતાં ખેડૂતોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. તે ઉપરાંત ઈડરના સદાતપુર ગામની યુવતિઓ પ્રેમ લગ્ન કરતાં પરિવારજનોએ તેનો વિરોધ કરતાં યુવતિએ પિતા સહીત પરિવારજનો સામે પોલીસ ફરિયાદ નોંધાવતાં પિતાને લાગી આવતાં ઝેરી દવા ગટગટાવી જીવન લીલા સંકેલી લેતાં તેમનો મૃતદેહ યુવકના ઘર પાસે મુકી આવતાં પોલીસ સહિત વહીવટીતંત્ર હેરતમાં મુકાયું હતું. ભારે મથામણ બાદ મૃતદેહનો પરિવારજનોએ અગ્નિસંસ્કાર કર્યો હતો. ઘટના ઉપર ઘટનાઓમાં ખેડબ્રહ્માની મહિલાને હાથરોલ ગામનો યુવાન ઉપાડી ગયો હતો. ત્રણ માસ બાદ મહિલા અને યુવક હાથ લાગતાં યુવતિએ પતિ સાથે જવાની ના પાડતાં તેને નારી સંરક્ષણ ગૃહમાં મોકલી આપી તેના ગણત્રીના દિવસોમાં યુવતીના સાસરી પક્ષના એક અપહ્યુત યુવકની અર્ધ બળેલો મૃતદેહ મળી આવતાં પોલીસ દોડતી થઈ ગઈ છે. આમ છેલ્લા પાંચ દિવસમાં ઘટેલી આ ઘટનાઓએ કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડ્યા છે.

## પ્રાંતિજમાં નકલી પોલીસ અને પત્રકાર ઠગ ટોળકી સક્રીય : નાગરિકો પરેશાન

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં આજકાલ ઠગ ટોળકી સક્રિય બની છે. આ ઠગ ટોળકી નકલી પોલીસ અને પત્રકારના રોફ બતાવી વેપારીઓ અને વાહન ચાલકો ધોળે દિવસે દંડાય છે. આવી ઠગ ટોળકીના ત્રાસથી પ્રાંતિજના વેપારીઓ સહિત લોકો ત્રાસી ગયા છે. તેમજ આ ઠગ ટોળકી જલ્દી પોલીસના પંજામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ હાઈવે અને સ્કૂલ સંસ્થા, વેપારીઓ પાસેથી પૈસા પડાવી ઠગ ટોળકી છુમંતર થઈ જાય છે. પ્રેસ અને પોલીસનો રૂઆબ બતાવી વસુલી કરે છે. ઉપરાંત નેશનલ હાઈવે પર યુવાન લેડીઝ બની ઠનીને આધુનિક વસ્ત્રોમાં બાઈક કે ગાડીવાળાને કાપ લાંબો કરી લીફ્ટ માંગે છે. જો કોઈ વ્યક્તિ પોતાની ગાડીમાં કે બાઈક પર બેસાડે પછી આગળ આ ઠગ ટોળકીના માણસો ઉભા હોય છે. લીફ્ટ આપનાર વ્યક્તિને ખોટી રીતે પ્રેસ અને પોલીસની બીક બતાવી આ ટોળકી મોટો તોડ કરી રૂપિયા પડાવે છે. આ લોકોના ચુંગાલમાં અનેક લોકો આબાદ ફસાઈ પણ ગયા હોવાનું લોકમુખે ચર્ચાય છે. પ્રાંતિજ પોલીસ સક્રિય બનીને નકલી પ્રેસ અને પોલીસ બનતી ઠગ ટોળકીના સભ્યોને ઝડપી પાડી જેલ હવાલે કરે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

## ખેડબ્રહ્મા શરાફી મંડળીની બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા રાજસ્થાન સહકારી શરાફી મંડળીની ૧૮મી વાર્ષિક સાધારણ સભા તેરાપંથ ભવનમાં પ્રમુખ શંકરલાલ બોથમલ શાહના પ્રમુખ પદે મળી હતી. જેમાં મંડળના બોર્ડ ોફ ડીરેક્ટરના સભ્યો તથા સભાસદો મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ મામલતદારનો વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા.૩

પ્રાંતિજ શહેરમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા અંબાલાલ પ્રજાપતિ વય નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ ગત રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં કચેરીના અધિકારી/કર્મચારી મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

વિદાય લઈ રહેલા અંબાલાલ પ્રજાપતિએ નિવૃત્ત જીવનમાં પોતે સમાજલક્ષી સેવા કરી લોકોને ઉપયોગી બનીશ તેવું જણાવ્યું હતું. તેમજ હાજર મહેમાનોએ તેમનું નિવૃત્ત જીવન સુખમય, ફળદાયી, આરોગ્યપ્રદ નીવડે તેવી પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે પ્રાંતિજ, તલોદ પ્રાંત અધિકારી આશાબેન શાહ, પ્રાંતિજ પી.આઈ. જાડેજા, જયંતભાઈ શ્રીમાળી, કચેરી સ્ટાફ, અગ્રણીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

## હિંમતનગર વિજાપુર માર્ગ પર લાલપુર પાસે ટ્રક અને મારુતિ વચ્ચે અકસ્માત : બે ના મોત : ચાર ગંભીર

હિંમતનગર, તા.૩

સાબારકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના લાલપુર ગામ નજીક બુધવારે સવારે ટ્રક અને મારુતિ વચ્ચે અકસ્માત સર્જાતા અગીયોલના બ્રાહ્મણ પરિવારને ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર બે ના મોત નીપજયા હતા જયારે ચાર ગંભીર ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે હિંમનતગર સિવિલમાં ખસેડાયા હતા. બનાવ અંગે હિંમતનગર રૂરલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગરથી સાત કિલોમીટર વિજાપુર રોડ પર આવેલ લાલપુર ગામ નજીક વળાંકમાં મારુતિનું ટાયર ફૂટી જતા સામેથી આવતી ટ્રક સાથે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બે ના સ્થળ પર મોત નીપજયા હતા. જયારે ચાર ગંભીર ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગરથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાંથી વધુ ત્રણ ગંભીર ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાયા હતા. હિંમતનગરના અગીયોલ ગામના બ્રાહ્મણ પરિવારના ૬ જણા મહેસાણાના ગોઠવાથી પરત ઘરે મારુતિમાં આવી રહ્યા હતા દરમિયાન આ અકસ્માતની ઘટના બની હતી. અકસ્માતની જાણ પોલીસને થતા તાત્કાલિક હિંમતનગર રૂરલ પોલીસ મથકના પીએસઆઈ એન.જી. ગોહિલ સ્ટાફ સાથે સ્થળ પર અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા અને ફરિયાદ લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**અંબાજી માહિતી કચેરીના કર્મચારીનો નિવૃત્ત વિદાય સમારંભ યોજાયો**

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં માહિતી કેન્દ્રમાં ફરજ બજાવતા નવલસિંહ બારડ વયનિવૃત્ત થતા તેમનો પાલનપુર ખાતે માહિતી ખાતાની જિલ્લા કચેરીએ વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં કચેરીના અધિકારીઓ દ્વારા નિવૃત્ત થતા નવલસિંહ બારડને ફુલહાર, શ્રીફળ અને ચુંદડી આપી નિવૃત્ત જીવન સુખમય રીતે વીતાવે તેવી શુભેચ્છા પાઠવવામાં હતી. આ પ્રસંગે માનસિંહ સિસોદીયા, સુરેશ પટેલ અને દશરથભાઈ દવે વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

## મહેસાણા એસ.ટી. વિભાગના ૪ કર્મચારીઓનો નિવૃત્ત વિદાય સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૨

મહેસાણા એસ.ટી. વિભાગીય કચેરીના ક્લાર્ક દશરથભાઈ એન. પારેખ તથા વિભાગીય યાંત્રિક વર્કશોપના ભંડાર અધિકારી જયંતિભાઈ સોલંકી, રમણભાઈ પટેલ, અંબુજી ચાવડા અને નટવરસિંહ ચાવડા વયમર્યાદાના કારણે એસ.ટી. નિગમમાંથી સેવા નિવૃત્ત થતા વિભાગીય વર્કશોપ ખાતે મધ્યસ્થ કચેરીના ખરીદ અને ભંડાર નિયામક એ.કે. પરમાર મહેસાણા વિભાગીય નિયામક એમ.એસ. રાણાના અધ્યક્ષ પદે વિદાય સમારંભ યોજાયો હતો.

આ નિવૃત્તિ વિદાય સમારંભમાં વરિષ્ઠ અધિકારીઓ તથા અન્ય અધિકારીઓ, કર્મચારીઓએ નિવૃત્ત થયેલ અધિકારીઓ કર્મચારીઓની સેવાઓને બિરદાવી ફુલહાર અને શાલ ઓઢાડીને તેઓનું જાહેર સન્માન કરી નિવૃત્તિ બાદનું જીવન સર્વ રીતે સુખમય નિવડે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમ મહેસાણા એસ.ટી. વિભાગના અધિકારીઓ વહીવટી અધિકારી સર્વેશ્રી અરવિંદભાઈ જહા, બાબુભાઈ પટેલ, પાલનપુરના નિવૃત્ત વહીવટી અધિકારી હરિભાઈ પટેલ, નિવૃત્ત હિસાબી અધિકારી બાબુભાઈ પરમાર, બાબાભાઈ મનસુરી, ગાંડાલાલ પટેલ, આર.એસ. ખોપર સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠામાં સુરક્ષા સેતુ અંતર્ગત ગુનાખોરીનું પ્રમાણ અટકાવવા એસ.પી. યાદવ દ્વારા વેબસાઈટ શરૂ કરાઈ

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લો સરહદી જિલ્લો આવેલો છે. જેમાં જાગૃત બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવે સુરક્ષા સેતુ અંતર્ગત કાયદો અને વ્યવસ્થાની સાથે સાથે ગુનાખોરીનું પ્રમાણ અટકાવવાના ઉદ્દેશથી યાદવે બી.કે. ફેસબુક નામની વેબસાઈટ શરૂ કરવામાં આવી છે. જેના દ્વારા લોકો ઓન લાઈન ફેસબુક ઉપર પોતાની ફરિયાદ જણાવી શકે. તેવો નવતર પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે.

આ સંદર્ભે વિગતો આપતા યાદવે જણાવેલ કે જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત મહિલાઓની સલામતી તેમજ ગુનાખોરીને સદંતર ડામવા માટે અનેક વિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત બીકે ફેસબુક નામની વેબસાઈટ શરૂ કરવામાં આવી છે. આ ફેસબુકો પર ઓનલાઈન થનાર ફરિયાદોનું ખુદ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તેનું મોનીટરીંગ કરીને તેનો સત્વરે ઉકેલ લાવવાનો પ્રયાસ કરાશે.

## તલોદ ટાવર ચોકમાં તફડંચી કરવાની તૈયારી કરતા ત્રણ પકડાયા

### ટોળાએ મેથીપાક ચખાડી પોલીસ હવાલે કર્યા

તલોદ, તા. ૩

તલોદ તેમજ આસપાસના ગામડા વિસ્તારોમાં ધોળે દહાડે તેમજ અડધી રાત બાદ પણ બદઈરાદે ઉમટી પડતા લુખ્ખા તસ્કર બદમાશોએ જાણે કે તલોદ પોલીસની આબરૂને દાવ ઉપર લગાવી દીધી હોય અને પોલીસને પડકાર ફેંક્યો હોય તેમજ પ્રજાને બાનમાં લેવાનો પ્રયત્ન હાથ ધર્યો હોય તેવી આ પ્રજાને લાગી રહ્યું છે.

તલોદ તાલુકાના તલોદ નજીક આવેલા ખેરોલ ગામમાંથી ઝડપાયેલા ઘરફોડ તસ્કરનો બનાવ રામપુરા કંપામાંથી થયેલ સિંચાઈના પાઈપોની ચોરી મોહનપુરની બળદ ચોરીની ઘટના ધોળે દિવસે તલોદ બજારમાં મહિલાની સોનાની ચેઈન તફડંડીનો બનાવ તેમજ વૃદ્ધ ખેડૂતના ખિસ્સામાંથી ભર બપોરે રૂ. ૩૪,૦૦૦ની રોકડ કાઢી જઈ ટાબરીયા ગેંગ ફરાર થઈ જવાની ઘટનાઓ બનવા પામી છે. વરવી વાસ્તવિકતાને પુરૂ સમર્થન પુરૂ પાડી રહી છે.

થોડાક સમય પહેલા સવારના આશરે દસ વાગે માર્કેટયાર્ડના ભરચક વિસ્તારમાં વકીલ ચેમ્બરના આગળના ભાગે લગભગ અડધો ડઝન જેટલા ચાલબાજ ઈસમો ચોરી કરવાના બદ ઈરાદે ઉતરી પડવાની ઘટનાએ ક્રાઈમના ગુનામાં ઉમેરો કર્યો હોય તેવું લાગ્યું છે. અહીં બદઈરાદે ઉતરી પડેલા જણાતા છારા જેવી લાગતી આ ટોળકીએ ચીલઝડપ કરી કે લૂંટફાટ કરી પળવારમાં લાખોપતિ થઈ જવાના સેવેલા મનના ખ્વાબ ઉપર પંથકના યુવાનોએ પાણી ફેરવી દઈ પોલીસ ખાતાને છાજે તેવી આબેહૂબ કામગીરી બજાવી હતી. આ યુવાન ભાઈઓએ નિર્દોષના શિકાર શોધમાં રખડતા ઉઠાવગીરી ટોળકીના પૈકીના ૩ યુવાનોને ઝડપી લીધા હતા. જે ત્રણેયને એકઠા થયેલા લોકટોળાએ મેથીપાક ચખાડી તલોદ પોલીસને હવાલે કર્યો હતો.

## બનાસકાંઠા સહકારી સંઘની ૬૩મી વાર્ષિક બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘની ૬૩મી વાર્ષિક સાધારણ સંઘના ચેરમેન અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સંઘના બેઠક હોલમાં યોજાઈ હતી. જેમાં સ્વ. સાંસદ મુકેશ ગઢવી, ભાવનાબેન ચીખલીયા તથા ઉત્તરાખંડમાં કુદરતી હોનારતમાં મૃત્યુ પામેલ આત્માઓને મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

સભામાં અધ્યક્ષ સ્થાનેથી ઉદબોધન કરતા અણદાભાઈ પટેલે જિલ્લા સહકારી સંઘ સહકારી, શિક્ષણ, તાલીમ માહિતી, પ્રકાશનનું કામ કરતી જિલ્લાની ટોચની સંસ્થા છે. સંઘ તેના ઉદ્દેશો મુજબ સહકારી સંસ્થાઓનું સ્ટેશનરી, પેટા કાયદા તથા અન્ય દફતર વ્યાજબી ભાવે પુરૂ પાડે છે. જિલ્લાની તમામ સહકારી સંસ્થાઓનો સંઘમાંથી સ્ટેશનરી દફતર ખરીદ કરવા અનુરોધ છે. અને સહકારી મંડળના કોઈ પ્રશ્નો હોય કે સલાહની જરૂર હોય તો નિઃસંકોચ સંઘની મુલાકાત લઈ માહિતી મેળવી શકો છો. તેમ જણાવ્યુંહતું. જ્યારે કે.જી. ચૌધરીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. વાર્ષિક હિસાબો અહેવાલ, એજન્ડા મુજબની કાર્યવાહી સભા સમક્ષ મુકવામાં આવેલ જે સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે. બેઠકમાં કેશરભાઈ ચૌધરીએ સહકારી સંઘ જિલ્લામાં શિક્ષણનું ઉમદા કાર્ય કરી રહ્યા છે તેમ જણાવ્યું હતું.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૦ | ૮૬૮ |
| જુવાર | ૩૫૦ | ૩૯૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૨ |
| રાયડો | ૫૬૦ | ૫૮૧ |
| એરંડા | ૬૮૬ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| મગ | ૭૫૦ | ૮૦૦ |
| બાજરી | ૨૨૫ | ૨૮૮ |
| ગવાર | ૯૯૦ | ૧૩૧૧ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૮૬૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| ડાંગર જયા | ૨૮૫ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૨૫ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૨૫ | ૩૫૦ |
| ડાંગર જયા | ૨૮૫ | ૩૨૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૯૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૧૫ | ૨૯૮ |
| ગવાર | ૮૫૦ | ૧૪૪૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૫૩ |
| મકાઈ | ૨૫૮ | ૨૮૦ |
| એરંડા | ૬૬૮ | ૬૭૮ |
| મગફળી | ૬૫૪ | ૭૭૧ |
| મગ | ૬૦૦ | ૮૯૧ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૩ |
| બાજરી | ૨૨૫ | ૨૯૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૩૩ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| મગફળી | ૪૫૦ | ૮૨૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૬૫૦ | ૮૦૫ |
| જુવાર | ૩૫૦ | ૩૮૧ |
| મગ | ૭૦૦ | ૯૫૦ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૭૧ |
| બાજરી | ૨૩૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૧ |
| મગ | ૭૦૦ | ૯૩૦ |
| મગફળી | ૪૬૬ | ૭૯૬ |
| ગવાર | ૯૫૦ | ૧૨૦૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૮૪ |
| ઘઉં | ૩૦૬ | ૩૨૪ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૮૪ | ૬૯૦ |
| ગવાર | ૧૧૪૫ | ૧૩૩૧ |
| મકાઈ | ૨૩૫ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૩૧૦ | ૩૯૫ |
| રાયડો | ૫૫૦ | ૫૮૧ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૫ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૦ |
| ડાંગર | ૨૭૫ | ૨૯૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૫ |
| ગવાર | ૧૧૩૦ | ૧૩૨૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૯૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૩૦૫ | ૩૮૫ |
| રાયડો | ૫૪૦ | ૫૭૫ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૩૮ |
| એરંડા | ૬૭૦ | ૭૦૦ |
| મગ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૯૫ |
| બાજરી | ૨૨૫ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૫૨ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૬૨ |
| મકાઈ | ૨૭૦ | ૨૮૫ |
| એરંડા | ૬૬૫ | ૬૭૦ |
| રાયડો | ૪૯૦ | ૫૦૦ |
| મગફળી | ૬૩૦ | ૭૬૪ |
| તલ | ૧૫૦૦ | ૧૬૨૫ |
| ગવાર | ૯૫૦ | ૧૩૪૮ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૩૭ |
| જુવાર | ૩૭૪ | - |
| ડાંગર | ૨૪૦ | ૩૮૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૩ |
| જવ | ૨૬૦ | ૨૬૬ |
| ગવાર | ૧૦૮૦ | ૧૪૦૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૮ |
| રાયડો | ૫૮૦ | ૬૮૮ |
| રાયડો | ૫૮૦ | ૫૯૯ |
| જીરૂ | ૨૦૫૧ | ૨૫૨૬ |
| વરીયાળી | ૯૬૦ | ૧૦૭૫ |
| તલ | ૨૦૦૧ | ૨૦૩૩ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૬૭ |
| બાજરી | ૨૨૫ | ૨૭૮ |
| એરંડા | ૬૭૫ | ૬૯૫ |
| રાયડો | ૬૦૦ | ૬૧૦ |
| રાજગરો | ૧૦૦૦ | ૧૨૧૮ |
| જુવાર | ૫૭૨ | ૬૦૪ |
| મગફળી | ૭૦૦ | ૮૫૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૪૬ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મેથી | ૫૨૯ | - |
| રાજગરો | ૮૫૧ | ૧૧૭૬ |
| વરીયાળી | ૧૧૩૧ | - |
| જવ | ૨૬૨ | - |
| મગ | ૮૦૦ | ૧૧૦૦ |
| તલ | ૧૯૨૪ | ૧૯૩૫ |
| રાયડો | ૫૬૫ | ૫૯૯ |
| એરંડા | ૬૫૦ | ૭૦૬ |
| ગવાર | ૧૦૨૬ | ૧૩૭૩ |
| ઘઉં | ૨૮૦ | ૪૭૩ |
| બાજરી | ૧૮૦ | ૨૭૭ |
| જુવાર | ૨૫૪ | ૬૧૭ |
| જીરૂ | ૮૫૧ | ૩૬૭ |
| ઈસબગુલ | ૧૦૩૩ | ૧૧૨૧ |
| સવા | ૬૪૦ | ૭૧૧ |

### વિસનગર

| | | |
|---|---|---|
| મકાઈ | ૨૬૦ | - |
| ઘઉં | ૨૯૦ | ૩૭૦ |
| બાજરી | ૨૦૦ | ૩૦૦ |
| રાયડો | ૫૬૦ | ૬૨૫ |
| એરંડા | ૬૬૫ | ૭૦૫ |
| જુવાર | ૨૦૦ | ૫૧૨ |
| મેથી | ૫૦૦ | ૫૪૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૭૧ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૪૦૦ |
| તલ | ૧૮૯૯ | - |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૨૦૦ | ૪૬૬ |
| ઘઉં | ૧૯૭૫ | ૨૩૭૫ |
| રાયડો | ૫૨૬ | ૬૩૫ |
| મેથી | ૫૩૧ | ૫૩૪ |
| સવા | ૬૭૫ | - |
| વરીયાળી | ૮૫૦ | ૯૫૩ |
| બાજરી | ૨૧૦ | ૨૭૭ |
| એરંડા | ૬૬૦ | ૬૯૧ |
| અજમો | ૫૬૧ | ૧૨૨૭ |
| ગવાર | ૯૦૨ | ૧૨૮૬ |
| રજકાળી | ૧૫૦૦ | ૨૪૯૫ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૬૦ | ૨૮૩ |
| રાયડો | ૫૯૦ | ૬૦૫ |
| એરંડા | ૬૮૩ | ૬૮૮ |
| ગવાર | ૯૭૯ | ૧૩૪૦ |
| જુવાર | ૧૯૯ | ૩૫૦ |

### જોટાણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૩૦ | ૨૯૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| રાયડો | ૫૮૭ | ૬૦૪ |
| રાયડો | ૫૮૭ | ૬૦૪ |
| બાજરી | ૧૭૦ | ૨૩૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૧૬ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૧૧ |
| એરંડા | ૬૬૦ | ૬૯૧ |
| બાજરી | ૨૨૦ | ૩૦૦ |
| ઘઉં | ૨૯૩ | ૩૭૮ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૬૬ |
| અડદ | ૫૦૦ | ૫૩૫ |
| ચણા | ૫૩૦ | ૫૯૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૫૩૩ |
| જુવાર | ૨૮૦ | ૩૧૭ |
| સવા | ૬૦૦ | ૬૮૭ |
| બંટી | ૩૮૬ | ૪૧૨ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૫૨ |
| એરંડા | ૬૮૫ | ૬૯૪ |
| બાજરી | ૨૪૦ | ૨૯૫ |
| રાયડો | ૫૯૦ | - |
| ડાંગર | ૨૬૫ | ૩૭૫ |
| ગવાર | ૧૧૫૦ | ૧૪૦૦ |
| જુવાર | ૩૪૦ | ૪૭૫ |
| જવ | ૨૩૫ | - |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૦૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૮૦ | ૨૪૨૬ |
| વરીયાળી | ૭૫૦ | ૧૧૮૧ |
| બંટી | ૩૬૧ | ૩૯૩ |
| રાયડો | ૫૪૦ | ૬૨૫ |
| એરંડા | ૬૬૦ | ૭૦૩ |
| ઘઉં | ૨૯૨ | ૩૯૦ |
| જુવાર | ૨૪૦ | ૫૦૦ |
| બાજરી | ૨૧૧ | ૨૭૫ |
| ગવાર | ૧૦૬૦ | ૧૩૩૫ |
| મેથી | ૪૬૪ | ૫૨૧ |
| સવા | ૬૩૫ | ૭૬૬ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૨૫ | ૨૮૦૦ |
| વરીયાળી | ૮૫૫ | ૨૧૨૮ |
| ઈસબગુલ | ૧૧૩૦ | ૧૪૭૫ |
| સરસવ | ૫૮૧ | ૬૬૮ |
| રાયડો | ૫૬૩ | ૬૬૨ |
| તલ | ૧૮૧૧ | ૨૨૧૧ |
| સવા | ૬૭૫ | ૬૭૮ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601